# પ્રોફેશનલ વર્લ્ડમાં ફીડબેક જરૂરી છે

ફેશનલ દુનિયામાં ફીડબેક એક એવો શબ્દ છે જે સાંભળવામાં ભલે ઔપચારિક લાગે પરંતુ વાસ્તવમાં એ કરિયર ગ્રોથ, ટીમ બોન્ડિંગ અને વર્ક કલ્ચર માટે મહત્ત્વનો છે. ઘણી વાર લોકો ફીડબેકને આલોચના સમજે છે અને અસહજ, હતાશ થઇ જાય છે પરંતુ યોગ્ય રીતે આપેલો ફીડબેક વ્યક્તિની પ્રોફેશનલ લાઈફમાં ઘણો બદલાવ લાવી શકે છે. આવો જાણીએ ઓફિસમાં ફીડબેક કેમ જરૂરી છે અને ફીડબેક આપવાની યોગ્ય રીત શું હોવી જોઈએ?




કામની ગુણવત્તા અને ટીમની સફળતા માટે યોગ્ય ફીડબેક મળવો જરૂરી છે. આ એક એવું માધ્યમ છે જે કર્મચારીને પોતાની તાકાત અને કામમાં ક્યાં સુધારો કરવાની જરૂરી છે એ સમજવામાં મદદ કરે છે. યોગ્ય રીતે આપેલો ફીડબેક માત્ર આત્મવિશ્વાસ જ વધારતો નથી પરંતુ સારા પર્ફોર્મન્સ માટે પ્રોત્સાહન પણ આપે છે. આ જ કારણ છે કે કોઇ પણ સંસ્થામાં સમ્માનજનક અને રચનાત્મક ફીડબેક કલ્ચર વિકસિત કરવું પ્રોફેશનલ ગ્રોથની દિશામાં સૌથી મહત્ત્વપૂર્ણ કદમ માનવામાં આવે છે.

## ફીડબેક શા માટે જરૂરી છે?

કોઇ પણ સંસ્થાની સફળતા એના કર્મચારીઓના પર્ફોર્મન્સ અને ટીમ વચ્ચે પારદર્શિતા પર આધાર રાખે છે. ફીડબેક ટીમમાં સંવાદને ખુલ્લો રાખે છે અને સ્પષ્ટ વાતચીત સાબિત કરે છે. સમયાંતરે ફીડબેક મળવાથી કર્મચારી પોતાનાં લક્ષ્ય અને દિશાને સ્પષ્ટ રાખી શકે છે અને સારું પર્ફોર્મ કરે છે જ્યારે ફીડબેક પોઝિટિવ ઈરાદાથી આપવામાં આવે છે તો એનાથી મેનેજર અને ટીમ વચ્ચે વિશ્વાસ વધે છે. જેનાથી ભરોસો અને પારદર્શિતા વધે છે.

## મૂળ મતલબ સમજો

ફીડબેકનો અર્થ માત્ર ભૂલ બતાવવી એ જ નથી હોતો પરંતુ તે એ દિશા તરફ ઇશારો કરે છે જેનાથી કામ વધુ સારી રીતે થઇ શકે. એ તમારી મહેનતને સમજીને સુધરવાની તક તરફ ધ્યાન દોરવાની એક સંતુલિત રીત છે. જ્યારે કોઇને રચનાત્મક ફીડબેક મળે છે ત્યારે તે પોતાના કામને નવા દૃષ્ટિકોણથી જોઈ શકે છે, પોતાની ભૂલ જાણી શકે છે અને પોતાની સ્કિલ્સ વિકસાવવાની કોશિશ કરી શકે છે.

## પોઝિટિવ રીતે લેતાં શીખો

ફીડબેક પોઝિટિવ હોય કે નેગેટિવ એને પોઝિટિવ રીતે લેવાની કોશિશ કરો. કોઇ પણ બાબતને આલોચના સમજવાને બદલે શીખવાની તક સમજો. દરેક સુઝાવને વ્યક્તિગત લેવાને બદલે સામેની વ્યક્તિ પાસે એનું સ્પષ્ટીકરણ માંગો. જો કોઇ વાત ન સમજાય તો પૂછો જેથી બીજી વાર એમાં સુધારો કરી શકાય.

## ફીડબેક આપવાની યોગ્ય રીત

રચનાત્મક ફીડબેક આપવો એક કળા છે. જો એ યોગ્ય ટોન અને યોગ્ય શબ્દોમાં આપવામાં આવે તો એની ઊંડી અસર થાય છે. ફીડબેકમાં વ્યક્તિ પર નહિ એના કામ પર ફોકસ કરો, ફીડબેક આપતી વખતે શક્ય એટલી સમ્માનજનક ભાષાનો ઉપયોગ કરો જેથી વ્યક્તિને ખરાબ ન લાગે. કોઇ ભૂલ કે ઉપલબ્ધિ પર તરત પ્રતિક્રિયા આપવી વધારે પ્રભાવી હોય છે એટલે ટાઈમલી ફીડબેક આપો. સકારાત્મક સુઝાવ આપવાની કોશિશ કરો. માત્ર ભૂલ ન બતાવો પરંતુ કઇ રીતે સુધારવી એ પણ જણાવો.

## પોઝિટિવ ફીડબેકના ફાયદા

કોઇને ફીડબેક આપતી વખતે એ વાતનું ધ્યાન રાખો કે તમારે સામેવાળાની ભૂલો બતાવવાની સાથે એની સારી બાબતો પણ જણાવવાની છે. એણે કઇ બાબતો પર ફોકસ કરવાનું છે, એણે ક્યાં ભૂલ કરી છે એ જણાવો. મોટાભાગે લોકો નેગેટિવ ફીડબેક આપવા પર ફોકસ કરે છે જ્યારે પોઝિટિવ ફીડબેક કોઇ કર્મચારીનો આત્મવિશ્વાસ અનેક ગણો વધારે છે. એટલું જ નહિ એ સારું પર્ફોર્મ કરવા માટે પ્રોત્સાહિત પણ કરે છે.

---



# બિલ્ડિંગથી પણ ઊંચી વિગ?

નાઇજીરિયાની એક વ્યાવસાયિક વિગમેકર હેલન વિલિયમ્સે દુનિયાની સૌથી ઊંચી વિગ બનાવી છે. જેની ઊંચાઇ 15.37 મીટર (લગભગ 50 ફીટ છે.) આ વિગ એટલી ઊંચી છે કે તેની સામે ત્રણ માળનું બિલ્ડિંગ પણ નાનું લાગે છે. આ નકલી વાળની વિગમાં હેલનના વાળ માથેથી નીચે નથી લહેરાતા પણ માથાની ઉપર ટોપી પહેરી હોય એમ ઊંચી ચોટી બનાવે છે. આ ટોપી માટે તેણે વાળને કાપડ પર એવી રીતે ચોંટાડ્યા હતા જેથી વાળ કડક અને સીધા ઊંચા રહે. આ પ્રયોગ કરવામાં એને બે વાર નિષ્ફળતા મળી હતી. ત્યાર પછી વાળ સીધા ઊભા રહે એ માટે સિન્થેટિક વાળના 250 બંડલ વાપર્યા હતા. આ વિગ બનાવવામાં લગભગ 1.85 લાખ રૂપિયા (3 મિલિયન નાઇરા) થી વધુ ખર્ચ થયો હતો.

હેલનને વાળ સંબંધિત જાત જાતના રેકોર્ડ નોંધાવવાનો શોખ છે. આ પહેલાં એણે દુનિયાની સૌથી લાંબી (351.28મીટર-1,152.5'') અને પહોળી (3.65મીટર, 11.11'') વિગ બનાવવાનો રેકોર્ડ નોંધાવ્યો છે. આ ઉપરાંત 30 સેકન્ડમાં સૌથી વધુ 94 હેરક્લિપ્સ લગાડવાનો રેકોર્ડ પણ તેના નામે નોંધાયો છે. તેણે 230 સેકન્ડમાં પોતાના માથા પર 97 હેરક્લિપ્સ પણ લગાડી હતી.



